

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*ઉંચાઈ નામે થતા પતન માંથી મુક્તિ તો મળી!*
*લ્યો! ફોલી ખાજો, લોખંડી મૂર્તિ, મને મુક્તિ તો મળી!*
*ને કાચી નહેરોમાંથી પિવાય એટલું પી લેજો!*
*હાશ! મારા નામે થતાં કૌભાંડોથી મુક્તિ તો મળી!*
*(નર્મદા નું લોકાર્પણ)*

**હાઈકુ**

*'સંકુચિતતા'*
*ના બંધ દરવાજે*
*નર્મદા - 'બંધ'*

*નર્મદા છૂટયાં!*
*પક્ષીય વિવાદોનાં*
*'બંધન'માંથી...*

### ચિંતન

**કવ ચ આત્મા કવ ચ વા અનાત્મા કવ શુભં કવ અશુભં તથા ।**
**કવચિંતા કવ ચ વા અચિંતા સ્વમહિમ્નિ સ્થિતસ્ય મે ॥**

**ઉપરોક્ત શ્લોક અવધૂત ગીતામાંથી લેવામાં આવેલ છે.**

**સ્વમહિમામાં સ્થિર એવા મને હવે આત્મા શું ને અનાત્મા શું ? શુભ શું અને અશુભ શું ? કે ચિંતા શું ને અચિંતા શું ?**

**જેને હવે પૂરેપૂરું આત્મસ્વરુપ દર્શન - અનુભૂતિ થઈ ગઈ છે. તેઓ આત્મસ્થ થયેલા છે તેમના માટે હવે આત્મા પણ શું ? ને આનાત્મા પણ શું ? જયાં પોતે જ સ્વયં આત્મસ્વરુપ છે, તો પછી એને વળી બીજો કોઈ આત્મા તો ન જ હોય ને? આત્માની વાત પણ આપણે દેહની સાપેક્ષતાએ - અહંકારની સાપેક્ષતાએ કરીએ છીએ જેને દેહભાવ અને અહંભાવ રહ્યા જ નથી તો આત્મભાવ પણ કયાં રહ્યો ? તેથી બુદ્ધ પરમ સત્યને અનાત્મા જ કહે છે.**

### સુવિચાર

- રાત દિવસની પીડા પલપલ, સો જોજન દૂર સુખ... સપના ઘેલી આંખો પૂછે છે :
  કયાં છાંયો - કયાં ધૂપ... - **અખંડ આનંદ**
- દુઃખની વચ્ચે જીવવાની એ જ બે ત્રણ રીત છે... સામનો કર, સબર કર કે પછી ફરિયાદ કર - **જીવનસૂત્ર**
- દિવસમાં એકવાર પરસેવો વળે તેવું કરવું એ તંદુરસ્તી માટે વીમાનું
  પ્રિમીયમ ભરવા બરાબર છે - **ગુણવંત શાહ**
- ઘડપણમાં ડહાપણ આવે એ સાચું, પણ ત્યારે એ બહુ કામનું રહ્યું હોતું નથી - **મોરારિ બાપુ**
- પ્રગતિ એટલે જેનું અંતિમ બિંદુ હજી નક્કી થયું નથી તે - **જી. કે. ચેસ્ટરટન**
- મુશ્કેલી એ તો વેશપલ્ટો કરેલા આશિર્વાદ છે. એ જ તમને કોઈને કોઈ ઊંચાઈ પર પહોંચાડી દે છે.. એ પણ એક સુખદ અનુભવમાં પરિણમી શકે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનની આ હરિફાઈમાં બધાને પહેલા હોવાનો ભ્રમ હોય છે, કારણ કે અલગ અલગ દિશામાં થઈને બધા એક જ બંધ દિવાલ તરફ આંધળી દોટ મૂકી રહ્યા હોય છે- **રજનીશ** **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

રાષ્ટ્રપતિ બન્યા બાદ પ્રથમ વખત ડૉ. કલામ કેરળમાં બે દિવસના પ્રવાસે આવતા ના હતા. કેરળના રાજયપાલ ભવનમાં એમના સ્વાગતમાં મોટો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં ડૉ. કલામ જેના નામ સૂચવે તેવા દસેક મહેમાનો તરીકે ભોજન સમારંભમાં આમંત્રણ આપવાનું હતું. ડૉ. કલામે આ માટે બે વ્યક્તિના પૂરા પરિવારને આમંત્રણ આપવાનું કહ્યું હતું. એનાનો એક હતો સામાન્ય હોટલ વાળો કે જેને ત્યાં કલામ જમતા હતા અને બીજો હતો સામાન્ય જોડા સિવનારો મોચી. જેની પાસે કલામ અવારનવાર જૂતા પોલીશ કરાવવા કે જૂતા સંધાવવા માટે નિયમિત જતા.

દેશના સર્વોચ્ચ પદે પહોંચ્યા પછી પણ ડૉ. કલામ વતનમાં રહેતા સાવ નીચલા સામાન્ય માણસો ને ભૂલી નહોતા ગયા.

# ત્રીજા વિશ્વયુદ્ધના અણસાર

**તંત્રીસ્થાનેથી...**

આખું જગત બે વિશ્વયુદ્ધો જોયા પછી લાંબા સમય સુધી ડાહ્યું ડમરું બની ગયું હતું. એને જાપાનના બે શહેરોના સર્વનાશ પછી ત્રીજા વિશ્વયુદ્ધમાં કેવો મહાવિનાશ સંભવી શકે એનો અણસાર પણ આવી ગયો હતો. એટલે ૧૯૪૫માં બીજા વિશ્વયુદ્ધના અંત પછી દુનિયાના વિવિધ દેશોમાં છૂટાં છવાયાં છમકલાં જરૂર થતાં રહ્યાં પણ એ બહુ વિકરાળ સ્વરુપ ધારણ કરે તે પહેલાં શાણા રાજપુરુષોએ અને વિશ્વશાંતિ માટે સરજાયેલી આંતરરાષ્ટ્રીય સંસ્થા યુનાઈટેડ નેશન્સની મધ્યસ્થીથી અમુક કક્ષાએ પહોંચે તે પહેલાં જ સમાધાનની ભૂમિકા રચાતી રહી છે. પછી એ ભારત અને ચીન વચ્ચેનું યુદ્ધ હોય કે પાકિસ્તાન વિરુદ્ધ ભારતની ઐતિહાસિક અને પરિણામલક્ષી લડાઈ હોય - એ તમામ યુદ્ધો ઉપરાંત આતંકવાદીઓ સામે ચાલતાં રહેતાં અભિયાન અને લીબિયાના તાનાશાહ ગદ્દાફીને ઝબ્બે કરવાનું કે બગદાદીને ખાળવાનું સૈનિક આક્રમણ સીમિત વિસ્તાર પૂરતું મર્યાદિત રહ્યું હતું. પાકિસ્તાનની આર્મીની ઓથમાંથી અમેરિકાએ રાતોરાત ઓસામા બિન લાદેનને ઉપાડી લીધો એની સામે કોઈ જ પ્રતિકાર થયો ન હતો. પરંતુ હાલ આખી દુનિયા જેના વિચિત્ર ચરિત્રની ચર્ચા માત્રથી ડઘાઈ ગઈ છે તે ઉત્તર કોરિયાનો સરમુખત્યાર કિમ જોંગ ઉન ગમે તે ક્ષણે આખી દુનિયાને બાનમાં લઈ શકે એવી રાક્ષસી તાકાત ધરાવે છે. એની ધમકીઓને 'બંદર ઘુડકી' ગણી નજરઅંદાજ કરવા જેવી નથી. એની પાસે છેક અમેરિકાની મેઈન લેન્ડ સુધી હાઈડ્રોજન બોમ્બ વરસાવી શકે એવી શક્તિશાળી મિસાઈલો છે. એ પાડોશી દેશ દક્ષિણ કોરિયામાં અમેરિકન લશ્કરી થાણાંનો પળવારમાં ખાત્મો કરી શકે એમ છે. જાપાનને એમે દરિયામાં ડુબાડી દેવાની ધમકી આપી છે. કિમ જોંગ ઉનની આ લશ્કરી તાકાત મહંદેશ ચીનને આભારી છે. ચીન સાથે ઉત્તર કોરિયાના મીઠા સંબંધો જગજાહેર છે અને તેથી જ જયારે ઉત્તર કોરિયા પર આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો લાદવાની કે એની વિરુદ્ધ સંયુક્ત અભિયાન હાથ ધરવાની કવાયત થાય છે ત્યારે ચીન ઠાવકું બની એના બચાવમાં ઊતરી જાય છે.અમેરિકા સામે ચીન સર્વોપરિતાની સ્પર્ધામાં ઊતર્યું છે. આ સર્વોપરિતાની સ્પર્ધામાં એક સમયનું અમેરિકાનું કટ્ટર દુશ્મન રશિયા પર ગર્ભિત રીતે ચીન સાથે જોડાયેલું છે. આથી જે નવી આંતરરાષ્ટ્રીય ધરીઓ આકાર પામી છે એમાં એક તરફ અમેરિકા, ભારત, અને જાપાન છે તો સામા પક્ષે ચીન, રશિયા, પાકિસ્તાન અને ઉત્તર કોરિયા છે. જાપાન અને અમેરિકા સાથે ભારતની વધતી જતી મૈત્રી ચીન, રશિયા અને પાકિસ્તાનની આંખમાં કણાની જેમ ખૂંચે છે. વિશ્વ આંખુ બે ધરીઓમાં વહેંચાઈ ગયું છે ત્યારે વાંદરાને દારૂ પાઈ કૂદાકૂદ કરતો કરવાની પદ્ધતિએ ચીન ઉત્તર કોરિયાના જુલ્મી સરમુખત્યારને અમેરિકા અને જાપાન વિરુદ્ધ ચડાવી રહ્યું છે. જો અમેરિકાના ઉછાંછળા પ્રમુખ પણ કિમ જોંગ ઉનની ઉશ્કેરણી ભરી ભાષાથી છંછેડાઈ કોઈ પ્રતિકારાત્મક પગલું ભરી બેસશે તો ત્રીજા વિશ્વયુદ્ધનાં મંડાણ માટે મુહૂર્ત જોવાની જરૂર નહીં રહે. ભારતે જાપાનને કોઈ પણ પ્રતિકૂળ સંજોગોમાં સૈન્ય સહાય પૂરી પાડવાની હૈયા ધારણ આપી છે. જો કે પ્રચંડ અણુ ટેકનોલોજીથી સજ્જ હોવા છતાં જાપાન કોઈ પણ ભોગે યુદ્ધની સ્થિતિ અટકાવવાની કોશિશ કરશે, છતાં જો ઉત્તર કોરિયા અને અમેરિકાના બગલબચ્ચા જેવું દક્ષિણ કોરિયા યુદ્ધમાં સપડાશે તો ના છૂટકે આખી દુનિયાને ત્રીજા વિશ્વયુદ્ધના નરસંહારનો સામનો કરવાની તૈયારી દાખવવી પડશે.

# તમને દેખાતું નથી કે હું આ પથ્થરો ફોડી રહયો છું



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

"આ બાંધકામની દીવાલો માટે કામ કરી રહયો છું "તેણે જવાબ આપ્યો હતો.

મંદિર મસ્જિદ એ આસ્થાનું ધામ છે. એક ગામમાં મંદિરનું બાંધકામ ચાલતુ હતું. કારીગરો મંદિરની દીવાલમાં ગોઠવવાના પથ્થરો તોડી-ફોડીને માપસર કરવાનું કામ કરી રહયાં હતાં. ફરતાં -ફરતાં એક સિધ્ધપુરુષ ત્યાં પહોંચી ગયા. મંદિરનું બાંધકામ કરનારા મજૂરને તેમણે સવાલ કર્યો : 'તું શું કરી રહયો છે ?'

પહેલા કારીગરે ચહેરા પર અણગમાના ભાવ સાથે જવાબ આપ્યો "તમને દેખાતું નથી કે હું આ પથ્થરો ફોડી રહયો છું. પેટનો ખાડો પૂરવા માટે મજૂરી કરું છું."

સિધ્ધ પુરુષે બીજા કારીગરને સવાલ કર્યો, "ભાઈ, તું શું કરે છે ?"

બીજા કારીગરે શાંતિથી કહયું : "આ બાંધકામની દીવાલો માટે માપસર પથ્થરો બનાવવાનું કામ હું કરી રહયો છું."

આ પછી સિધ્ધપુરુષે ત્યાં કામ કરી રહેલા ત્રીજા કારીગરને પણ આ જ પ્રશ્ન પૂછયો.

ત્રીજા કારીગરે સ્હેજ હસીને સિધ્ધપુરુષ સામે જોયું અને પછી શાંતિથી કહયું, "ભાઈ સાહેબ, અહીં મંદિર બની રહયું છે અને હું એ મંદિર બનાવવાના કામમાં મદદ કરું છું."

આપણે આ ત્રણમાંથી કયા પ્રકારના કારીગર છીએ ? મજૂરી તો ત્રણેયને મળવાની છે. ઉપરાંત આપણે બધાં મહેનતનો જ રોટલો ખાઈએ છીએ. પરંતુ આનંદ કેટલાને મળે છે ?આપણા મસ્તિષ્કમાં વિચારનું વાવાઝોડું ચાલવા માંડે છે.

ગમતું કામ કરીએ અથવા કામને ગમતું કરીએ. જે કાંઈ પણ કરીએ મન મૂકીને કરીએ. ઉત્તમ રીતે કરીએ. શ્રેષ્ઠતાની કક્ષાએ કરીએ. ત્રીજા કારીગર પાસે કામ કરવાનું ધ્યેય રહેલું છે. ભગવાનનું મંદિર બનાવવામાં મદદ કરવામાં તે ગૌરવ અનુભવે છે. જયારે બીજો કારીગર જીવન ઢસડી રહયો છે. સોંપ્યું છે માટે કરવું- પૂરું કરવું - જેમતેમ પૂણવિરામ લાવી દેવું. પહેલો કારીગર મજૂરી કરે છે પથ્થર ફોડે છે. પેટનો ખાડો પૂરે છે. માત્ર ખાવા માટે જીવનારાઓનો આપણે ત્યાં તોટો નથી. કોઈ ધ્યેય સાથે જીવન જીવવામાં આનંદ રહેલો છે. કામ ત્રણેય કારીગરો કરે છે. પરંતુ ત્રણેયના અભિગમ જુદા જુદા છે. જીવનમાં સુખ કે દુઃખ બધું જ જીવન જીવવાના હકારાત્મક અભિગમ પર આધારિત છે.

માની રસોઈમાં સ્વાદ એટલા માટે છે કે તે પોતાની પ્રિય વ્યકિતઓ માટે બનાવે છે. રસોઈ કોના માટે, તેનો ઉત્તર તેની પાસે છે.

કેટલાક કામની વેઠ ઉતારે છે. તો કેટલાક સેલરી મળે છે માટે કામ કરે છે. તો કેટલાક જીવનનું ધ્યેય સમજીને કામ કરે છે. શું ?, કેમ ? અને શા માટે ? એની જો ખબર પડે તો જીવનમાં મજા ખૂબ પડે.

જીવન જીવવાનો હકારાત્મક અભિગમ સફળતાની ટોચે લઈ જાય છે. માત્ર વેઠ ઉતારનારા વેઠિયા તરીકે જ જન્મે છે અને મરે છે. દરેક વસ્તુ,વાત કે વ્યકિતમાંથી સારી બાબત શોધી કાઢવી અને તેને વખાણવી એ બધા માટે શકય નથી.કોઈની ઉત્તમ બાબતને શોધી કાઢી પ્રશંસા કરવા જેવું ઉત્તમ કામ બીજુ એકેય નથી. હકારાત્મક અભિગમનું આ એક ઉત્તમ પાસું છે. સુખ અને દુઃખની પારાશીશી જીવનમાં અપનાવેલાં અભિગમ પર અધારિત છે.

મિસરી
વરસાદ પડે ને ઘાસ સમુ પણ ના ઉગે
રસ્તા પરના ડામર જેવો માણસ છે આ

(કવિ લલિત ત્રિવેદી)

- santoshdevkar03@gmail.com

# હું વિચારું છું – માટે હું છું





**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

કોજીટો, એર્ગો સમ - આ લેટિન વાક્ય ફિલસૂફીના પિતા દેકાર્તે દ્વારા કહેવાયું છે. અર્થ છે - હું વિચારી શકું છું માટે હું છું ! I Think Therefore I Am. રેને દેકાર્તે ૧૯૫૬થી ૧૯૫૦ના સમયગાળામાં થઈ ગયા.

રેને દેકાર્ત એ 'લ મોંદ' પુસ્તક લખ્યું છે, તે પુસ્તકની પ્રથમ પંક્તિ છે 'સત્ય શોધવા માટે આપણી જિંદગીમાં એક વાર, શક્ય હોય ત્યાં સુદી દરેક વસ્તુ વિશે શંકા કરવી જોઈએ.'

તેણે પણ આ પુસ્તકમાં પૃથ્વી ફરી રહી છે' તેવું વિધાન કર્યું હતું. પરંતુ તેને ગેલીલીયો પણ ધર્મગુરુઓએ કરેલા જુલ્મોની ખબર હતી, માટે જ તેણે પુસ્તકની હસ્તપ્રત સંતાડી દીધી, અને તેના મૃત્યુ પછીથી જનતાને આની જાણ થઈ.

આજે 'વિચાર-યાત્રા'માં વિચાર ઉપર વિચાર કરવાનું મન Secret પુસ્તક વાંચીને થયું. વિચારોની જે શક્તિની વાત તેમાં કરવામાં આવી છે, તે અદ્ભૂત છે... આકર્ષણના નિયમ... તમે જે વિચારો તેવું જ તમારી સાથે ઘટે, તે નિયમ સત્ય છે.

અને આજકાલ હકારાત્મક વિચારસરણી માટેના સેમિનાર, તેની માટેના વેચાતા પુસ્તકો બિલાડીની ટોપની જેમ નજરે પડે છે... પોઝીટીવ વિચારો વેચવાનો ધંધો અત્યારે દુનિયામાં હોટ ફેવરીટ છે.

ત્યારે પ્રશ્ન થાય કે આજના સમયમાં વિચારો પણ આપણને આપણા અસ્તિત્વને ઓપ આપવામાં કેવી રીતે મદદ કરી શકે ?

કારણ કે આપણે ઉછીની સમજ, ઉછીના વિચાર, ઉછીના અભિપ્રાય લઈને ચાલતા નકલખોર થઈ ગયા છીએ.પોતીકું કશું રહ્યું નથી, 'સ્વ' ગુલામી દીધું છે.

શંકા કરવી એટલે ફાલતુ દલીલબાજી કરવી એમ નહીં... પરંતુ વિચાર કરો... સાચા-ખોટાની પરખ જાતે કરો.

દરેક વ્યક્તિના જીવનમાં જે કાંઈ બનાવો બને છે, તે તેની સ્મૃતિમાં અંકિત થઈ જાય છે અને રેને દેકાર્તના મને આપણે આત્મા આપણા હ્રદયમાં નહીં પરંતુ આપણા મગજમાં રહેલો છે... આપણા મગજની મેમરી બેંકમાં લાખો ઘટનાઓ અને તેના દશ્યો સંગૃહિત છે... જે બહાર આવવા માટે ચેતાતંત્રના સંકેતની રાહ જોતા હોય છે... જો કે આપણું જાગૃત મન આ સંગૃહિત ખજાનાથી વાકેફ હોતું નથી... અર્ધ જાગૃત મન આ બધો કારસો જાણતું હોય છે, પરંતુ તેના ઈશારા આપણે કદી સમજી શકતા જ નથી.

અર્જુનને વિચાર આવ્યા! પ્રશ્ન ઉદ્ભવ્યા તો તેના ફળ રુપે આપણને ભગવદ્ ગીતા સાંપડી, ન્યૂટનને શંકા ઉદ્ભવી તો ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત મળ્યો... આપણા શાસ્ત્રોમાં તો આખા એક ઉપનિષદનું નામ જ પ્રશ્નોપનિષદ્ છે.

અઢળક વિચારના જથ્થામાંથી આપણે શું ગ્રહણ કરવું તે આપણા પર નિર્ભર છે. એક ટેબલ પર અસ્તવ્યસ્ત રીતે મેગેઝીન, પુસ્તકો, પેન વગેરે પડ્યું હોય છે તેમ આપણાં મગજમાં પણ વિચારો આમતેમ આંટા મારતા હોય છે અને મોટેભાગે વિચારોનો સ્વભાવ ઘેટાં જેવો હોય છે, કયારેક વિચારો પરેડ કરતા આવે છે, તો કયારેક વિચારો રેલવે સ્ટેશન પર અસ્તવ્યસ્ત ફરતા માણસોની જેમ આવે છે.

આજના વિદ્યાર્થી ઉપર પણ તેના મગજ ઉપર તે પચાવી ન શકે તેવી વસ્તુઓ લાદવામાં આવે છે અને પછી તે ગોખણ પટ્ટી કરતો થઈ જાય છે. જ્ઞાનને આત્મસાત્ નથી કરતો... પુસ્તકોની બહારની દુનિયાનું તેનું જ્ઞાન શૂન્ય હોય છે, તેની પાસે પોતાની ગ્રહણ શક્તિ નથી કે પોતાના કહી શકાય તેવા અભિપ્રાય નથી...

કોઈ પણ કાર્ય કરવામાં તે કૃતનિશ્ચયી હોતો નથી. દલીલો કરવાની તેને ઈચ્છા થતી નથી. કહેવાતી મોટી મોટી વસ્તુમાં તે એટલો ખોવાયેલો રહે છે કે તેની આસપાસની નાની નાની વસ્તુમાં તેને રસ રહેતો નથી.

આપણે ત્યાં શિક્ષણ એ સમય પસાર કરવાનું સાધન બની ગયું છે, જાણે મજાક ખાતર વિદ્યાર્થીઓ શાળા-કૉલેજમાં જાય છે. વિદ્યાર્થીઓને ન તો જ્ઞાન મેળવવાની ધગશ છે ન તો નવું જાણવાની તાલાવેલી.

અને આ જ કારણે એમ.કોમ. સુધી ભણનાર વિદ્યાર્થીને સ્લીપબુક ભરતા નથી આવડતી. ઈલેક્ટ્રીક ભણનારને સ્ટાર્ટર બદલવા માટે માણસ બોલાવવા પડે છે.

અત્યાર સુધી આપણને જે રસી જગતે પીવરાવી તે જ પ્રમાણે આપણે આપણી વિચારસરણી બનાવી દીધી છે, પણ જે કાંઈ ચાલતુ આવે છે, તેનાથી અલગ પણ વિચારવું રહ્યું... અથવા તો પોતાની સમજને અગાઉ અપાયેલી સમજ સાથે મેળવીને યોગ્યાયોગ્યનો વિચાર કરવો આવશ્યક છે...

વર્ષોથી એક જ રસ્તા પર ચાલતા હોઈએ, ત્યારે કોઈ વાર નવી કેડી કંડારવાની હિંમત પણ કેળવવી જોઈએ...

આપણે વિચારો થકી છીએ, ત્યારે હવે કોઈવાર નવી કેડી કંડારવાની હિંમત પણ કેળવવી જોઈએ...

આંધળુકીયા કરીને, ઘેટાની જેમ ચાલે રાખવા કરતા વિચાર કરીને સ્વસ્થ ચિત્તે, તે રસ્તાની યોગ્યતા ચકાસીને ચાલવામાં જ શાણપણ છે...

સર્જનાત્મક વિચાર મગજમાં ઉત્પન્ન થતા હોય તો જન્મવા દો... ઘણીવાર શેખચલ્લી જેવા લાગતા તરંગો પણ નવી શોધના જન્મદાતા બની શકે છે... હમણાં મારા પાંચ વર્ષના દીકરાએ કુદરતી દશ્યનું ચિત્ર બનાવ્યું હતું... નદી, પર્વત, વૃક્ષ અને પક્ષી બનાવ્યા હતા... (૪ - આવી રીતે થોડો મોટો ગુજરાતીમાં ચોગડો બનાવી દઈએ એટલે ઉડતું પક્ષી લાગે એવું મેં જ શીખવ્યું હતું.) તેણે ૪ ઉંધો ચોગડો બનાવ્યો હતો... એક ચોગડો ઊંધો હતો...

મેં કીધું તે તો ઉંધું દોર્યું છે, તો તેણે કહ્યું - પપ્પા બીજા બધા પક્ષી જાય છે, અને આ પક્ષી પાછું આવે છે !!! સોચો મગર અપને તરીકે સે !...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# ગૌ સેવાનું ફળ ઘણું, જેમાં દેવીનો વાસ, ગૌનું જે પાલન કરે, તે ઘર સદા ઉલ્લાસ





**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'હું આ અવસરે મારી લાગણી સરકાર સુધી તમારા સહુના સમર્થન સાથે પહોંચાડવા માંગુ છું કે ગાયને રાષ્ટ્રીય પશુ તરીકે ઘોષિત કરવામાં આવે.'

તાજેતરમાં અમદાવાદમાં ભારતના મુખ્ય ઈમામ સાહેબ ઉમેર એહમદ ઈલીયાસીએ જયારે આ વાત મંચ પરથી રજૂ કરી ત્યારે ઉપસ્થિતોએ એમને શ્રોતાકક્ષમાંથી સ્ટેન્ડીંગ ઓવેશન આપ્યું હતું. મંચ પરના સાધુસંતો અને મહાનુભાવોએ એમની વાતને સાધુવાદથી આવકારી હતી.

પ્રસંગ હતો શ્રી ભારતીય સંસ્કૃતિ સંવર્ધન ટ્રસ્ટના તત્વવધાનમાં અમદાવાદમાં યોજાયેલ પુજ્ય ભાઈ રમેશભાઈ ઓઝાના ષષ્ટીપૂર્તિ સમારોહનો. ષષ્ટિપૂર્તિ સેવા સમિતિ દ્વારા યોજાયેલ ત્રિ-દિવસીય કાર્યક્રમમાં વિધવિધ ક્ષેત્રના મહાનુભાવોએ 'ચલે માનવતા કી ઔર' વિષય પર પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રદર્શનો તથા પ્રસાદની વ્યવસ્થાને પણ શ્રોતાઓએ ન્યાય આપ્યો હતો.

સંતમિલન સમારોહમાં ઉપસ્થિત રહેલા વિશ્વ પ્રસિદ્ધ સંતોએ પોતાના વિચારો અને શુભકામનાઓ પ્રસ્તુત કર્યા હતા.

પુજ્ય ભાઈને જ્ઞાન સત્ર દરમિયાન એવું કર્યું કે વક્તા બોલે એની પછી તેઓ બોલે ને પછી સૂત્રધાર નવા વક્તાને નિમંત્રિત કરે... આમ વાસ્તવમાં એક સંવાદ થયો - સંકલન થયું 'ચલે માનવતા કી ઔર' એ વિષય પરના વિચારોનું. ઉમેર્યું કે કોઈ પણ ધર્મએ અંતે તો માનવતાની વાત કરી છે. મારું જો ચાલે તો માણસને વચ્ચે રાખીને ઈશ્વરને રાસડા લેવડાવું. રાષ્ટ્ર માટે, પ્રકૃતિના જતન માટે ઘણા કામો હજી કરવા જેવા છે.'

ચરિત્ર નિર્માણ થશે તો વિશ્વાસ નિર્માણ થશે, એમ કહી ભાઈશ્રીએ પુછ્યું કે ધાર્મિકતા વધી પણ ધર્મનું આચરણ વધ્યું ? ભીડમાં સાધકો શોધું છું પણ બહુ ઓછા મળે છે એમ કહી માણસ છીએ તો માણસને માનીએ એ વાત પર ભાર મૂક્યો હતો.

રાજકીય અગ્રણીઓ અને મહાનુભાવો તથા વિધવિધ ક્ષેત્રના અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા જ્ઞાનસત્રમાં ધર્મ-અર્થ-પ્રેમ-શિક્ષણ-સંસ્કાર-વ્યક્તિગત અને સામુહિક જવાબદારી જેવા વિષયોને સાંપર્ત સમયમાં માનવતા સાથે જોડીને માણસ માણસ તરીકે જીવે અને દિશામાં ગહન અને અભ્યાસપૂર્ણ ચિંતન રજૂ કરાયું હતું.

લેખના આરંભે ઉલ્લેક થયો એ ઈમામ ડૉ. ઉમેર એહમદ ઈલીયાસી ભારતના મુખ્ય ઈમામ છે અને અખીલ ભારતીય ઈમામ સંગઠનના અધ્યક્ષ છે. આ સંગઠન સાડા પાંચ લાખ ઈમામોનું સંગઠન છે અને વિશ્વભરમાં જૂનું અને મોટું સંગઠન છે. ઈમામ સાહેબ યુનાઈટેડ નેશન્સની એજ્યુકેશન કમિટીના ગલ્ફ વિસ્તારના લેફ્ટનન્ટ ગર્વનર છે અને ઈઝરાયેલ તથા પેલેસ્ટાઈન વચ્ચેની મધ્યસ્થ કમિટીના સદસ્ય પણ છે. એમને ડૉક્ટરેટ ઑફ ફિલોસોફી એનાયત થઈ છે અને ધર્મ-અધ્યાત્મ તથા ઈન્ટર ફેઈથ ડાયલોગની અનેક કોન્ફરન્સમાં એમના વિચારો રજૂ થતા રહે છે.

તેઓએ પોતાના પ્રવચનમાં ઉમેર્યુ હતું કે ગાય બચશે તો દેશ બચશે, અને એ જ સાચી માનવતા છે. એક દિવસ એવો આવશે જયારે ગાય રાષ્ટ્રીય પશુ ઘોષિત થશે એવી શ્રદ્ધા ઈમામ સાહેબે વ્યક્ત કરી હતી.

આ તબક્કે સ્મરણ થાય સોલા ભાગવત વિદ્યાપીઠનું જયાં જાન્યુઆરી-૨૦૧૭થી ભાગવત ઋષિના માર્ગદર્શન હેઠળ ગૌશાળામાં રોજ ગાયની આરતી થાય છે. રોજ સાંજે અહીં થતી આરતીમાં સમાજના લોકો અને યુવાનો વિશેષ રૂપે જોડાણી રહ્યા છે, જે ભારતીય સંસ્કૃતિના અને ગૌસેવાના પ્રેમીઓ માટે આનંદપ્રદ ઘટના છે.

ભારતીય સંસ્કૃતિમાં ગૌ-ગંગા-ગાયત્રીના પૂજા થાય છે, અને સિંધુ સંસ્કૃતિના સમયથી ગાયનું પાલન થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણએ કૃષ્ણ લીલામાં ગાયોને ચરાવી છે, ગૌ સેવા કરી છે ને ગૌ પૂજા પણ કરી છે. ગોવર્ધન પર્વત ઊંચકીને ગોવાળીયા અને ગાયોને રક્ષણ આપ્યું હતું કૃષ્ણએ.

ગાયને માતા માનવામાં આવે છે ને શાસ્ત્રોમાં અનેક ઉલ્લેખો છે જે અનુસાર તેનો વધ ન થવો જોઈએ તેમ કહેવાયું છે. પૃથ્વી પરની કામધેનુ તરીકે ઓળખાવી ગાયના દૂધ - દહીં - માણખ - છાશ - ઘી, તન-મનને પુષ્ટિ આપે છે એ તો ઠીક છે, એના છાણ અને મૂત્રની પણ આરોગ્યની અને ધર્મની દ્દષ્ટિએ ગણના થાય છે.

વ્યક્તિગત અને સામૂહિક રીતે, ધાર્મિક-સામાજિક સંસ્થાઓ દ્વારા ગાયોનું સંવર્ધન થાય છે - ગાય થકી પ્રાપ્ત વિવિધ ઉત્પાદનો વ્યાપક જનહિતમાં લોકો સુધી પહોંચી રહ્યા છે. શ્રેષ્ઠીઓ દ્વારા દાનનો પ્રવાહ વહી રહ્યો છે એવા સમયે ગાયોના પાલન પોષણ અને સંવર્ધન માટે જયાં જયાં - જયારે જયારે પ્રયાસ થાય છે ત્યારે ત્યારે ગૌ સેવાના દીપડા પ્રગટે છે ને અજવાળા રેલાય છે.

• • •

ગૌ સેવાનું ફળ ઘણું, જેમાં દેવીનો વાસ,
ગૌનું જે પાલન કરે, તે ઘર સદા ઉલ્લાસ.